મોતીની એક માળા ભેટ આપી અને પોતાના ભાવના પ્રતીક જેવું તેને એક રત્ન આપ્યું અને કહ્યું કે આને તારા માથા ઉપર પહેરજે.

આ રીતે સૈયદ અહમદને તેની સત્યપ્રિયતા માટે ઈનામ મળ્યું. સત્ય માટે એને પ્રેમ હતો અને હરકોઈ સમક્ષ તે સત્ય બોલતો હતો, પછી તે રાજા હો કે રંક.

*

**લંકાના યુદ્ધમાં** હનુમાનની સેનાના વાનરો અને રીંછો દસ મસ્તકવાળા રાવણની સામે રામચંદ્ર અને લક્ષ્મણના પક્ષમાં રહીને યુદ્ધ કરતા હતા. રાવણના ઉપર ચારે દિશામાંથી આ યોદ્ધાઓએ પ્રખર મારો ચલાવ્યો અને રાવણ હારવા લાગ્યો. એટલે પછી તેણે પોતાની મંત્રવિદ્યાનો ઉપયોગ કર્યો.

એ મંત્રના બળે એકદમ, બધા રાક્ષસોની વચ્ચે રાવણની આસપાસ અનેક અનેક રામ અને લક્ષ્મણ દેખાવા લાગ્યા. એ કાંઈ સાચા રામ લક્ષ્મણ ન હતા. એ તો તેમના ખોટા ભ્રાંતિરૂપ આકારો હતા. પણ વાનરો અને રીંછોએ તો તેમને સાચા રામ લક્ષ્મણ માની લીધા અને એકદમ ગભરાઈ જઈને લડતા અટકી પડ્યા. પોતાના આ પૂજ્ય પુરુષોની સામે, રામચંદ્ર અને લક્ષ્મણ ઉપર પોતાથી કેવી રીતે હથિયાર ચલાવી શકાય, કેવી રીતે પથ્થરોનો મારો કરી શકાય?

એ બધાને આમ ગભરાઈ ગયેલા જોઈને રાવણના મોં ઉપર એક ક્રૂર આનંદનું હાસ્ય છવાઈ ગયું. પણ તે જોઈને રામ પણ હસ્યા. એમને પણ આ મિથ્યા આભાસનો નાશ કરવામાં, આ પ્રપંચને ખુલ્લો પાડવામાં, અને સત્યને વિજય અપાવવામાં કેટલો બધો આનંદ આવતો હતો! પછી રામે પોતાના પ્રચંડ ધનુષ્ય ઉપર એક બાણ ચડાવ્યું અને છોડયું. અને એ બાણ સમસમાટ કરતું પેલી બધી માયાવી આકૃતિઓને વીંધતું બધે ફરી વળ્યું અને એ બધું એકદમ અલોપ થઈ ગયું. પછી હનુમાનની સેનાને આ બધી માયાની ખબર પડી ગઈ અને બધામાં પાછી હિંમત આવી ગઈ.

**જે કોઈ માણસ સત્યનિષ્ટ હોય છે તેના તરફથી આવતી વાણી આ રીતે બાણની માફક કામ કરતી હોય છે. તે સર્વ અસત્યો અને દંભનો નાશ કરી દે છે.**

[ સુંદર કથાઓ - સત્યનિષ્ઠા-પૃ.૮૨,૮૧,૮૫.] — શ્રી માતાજી

From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • June 2017

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2017
JUNE
૧ જૂન ૨૦૧૭

## — સત્યને ચાહો ... સત્યને જીવો —
## —— Love the Truth ... Live the Truth ——

**[ અહીં, આ મહિનામાં બે નાની વાર્તાઓ આપીએ છીએ જે સત્ય ઉપરના શ્રી માતાજીના વિચારોને તાદૃશ કરે છે. - તંત્રી**

**This month, we give here two small stories which illustrate the Mother's thinking on Truth. - Editor ]**

**It is quite certain that to be able to tell the truth without difficulty, it is best always to act in such a way that we have no need to conceal anything we do. And for that, in our actions of every moment, we should remember that we are in the presence of the Divine.**

**For straightforwardness of speech also demands straightforwardness of actions; and a sincere man is one who shuns all falsehood in what he says and all hypocrisy in what he does.**

*

**One morning**, the Emperor of Delhi sat on his throne to confer honours on those he considered worthy. As the ceremony was drawing to a close, he noticed that one of the people he had summoned, a young man named Syed Ahmed, had not yet made his appearance.

The Emperor stepped down from his throne and got into a sedan chair which was used to carry him through his vast palace.

Just at that moment the young man hurried in.

"Your son is late," said the Emperor to Syed's father, who was his friend.

"Why?" asked the Emperor, looking sternly at the young man.

"Sire," Syed replied frankly, "it is because I over-slept."

The courtiers looked at the young man in amazement. How dare he admit so shamelessly to the Emperor that he had no better excuse? How tactless of him to speak like that!

But the Emperor, after pondering a moment, felt respect for the young man because of his sincerity; and he gave him the necklace of pearls and jewel of honour to place on his brow.

Such was the reward of Syed Ahmed, who loved the truth and spoke it to all, prince or peasant.

*

**The monkeys** and bears of Hanuman's army fought for Lord Rama and his brother Lakshmana against Ravana the ten-headed demon.

Weakening under the blows of the warriors who were attacking him from every side, Ravana made use of his magic power.

Suddenly, at his side, among the demons, many Ramas and many Lakshmanas magically appeared. They were in truth nothing but false and deceptive appearances, but the monkeys and the bears, taking them for real people, halted in confusion; how could they continue the fight and go on throwing trees and rocks against Rama and Lakshmana, their beloved leaders? Seeing their dismay, the demon Ravana gave a smile of cruel delight. Rama smiled too: what pleasure he would take in destroying such a falsehood, in exposing the trickery, in gaining victory for the truth! He fitted an arrow to his mighty bow and shot. The arrow whizzed through the misleading shadows, which immediately dissolved. At last Hanuman's army could see clearly and their courage revived.

Similarly, **every straight word from a sincere man is like an arrow that can destroy much falsehood and hypocrisy.**

- The Mother

Tales of All Times
Sincerity - p.59-60, 59, 62-63.

**એ વાત તો તદ્દ્ન સ્પષ્ટ જ છે કે તમારે જો સત્ય બોલવું હોય અને તેમાંથી પછી કોઈ પણ મુશ્કેલી ઊભી થવા ન દેવી હોય તો તમારે તમારું વર્તન એવું રાખવું પડશે કે જેમાં તમારે તમારા કોઈ પણ કામને છુપાવવાની જરૂર ન પડે. અને આ માટે આપણે પ્રત્યેક ક્ષણે જો એટલું સ્મરણમાં રાખી શકીએ કે આપણે પ્રભુના સાંનિધ્યમાં રહેલા છીએ તો આપણાને તે ઘણું મદદ રૂપ થઈ પડશે.**

**કેમકે તમે સત્ય બોલો છો એનો અર્થ એ થાય છે કે તમારે સત્યનું આચરણ પણ કરવાનું છે. જે માણસ સત્યનો પ્રેમી હોય છે તે પોતે જે કાંઈ બોલતો હોય છે તેમ જ જે કાંઈ કરતો હોય છે તે બધામાંથી તે દંભ માત્રને દૂર રાખતો હોય છે.**

*

**દિલ્હીના શહેનશાહ** એક સવારે દરબાર ભરીને બેઠા હતા અને પોતાના રાજ્યમાંથી એમને જે જે સારા માણસો લાગતા હતા તેમને તે માન અકરામની વહેંચણી કરતા હતા. આ વિધિ લગભગ પૂરો થવા આવ્યો ત્યારે શહેનશાહને યાદ આવ્યું કે એમણે આમંત્રણ આપેલા માણસોમાંથી સૈયદ અહમદ નામનો એક જુવાન હજી આવ્યો નથી.

પછી તો શહેનશાહ સિંહાસન પરથી ઊઠીને પાલખીમાં બેસી મહેલમાં જવાને નીકળ્યા એટલામાં જ પેલો જુવાન માણસ દોડતો દોડતો આવી પહોંચ્યો.

'તમારો દીકરો મોડો પડયો છે,' શહેનશાહે સૈયદના પિતાને કહ્યું. સૈયદના પિતા બાદશાહના મિત્ર હતા.

એટલે સૈયદના પિતાએ સૈયદ તરફ કડક નજર નાખીને પૂછયું, 'કેમ, મોડું કેમ થયું?'

અને સૈયદે નિખાલસ ભાવથી કહી દીધું: ' પિતાજી, મને આજે જરા વધારે પડતી ઊંઘ આવી ગઈ હતી.'

અને દરબારના બધા માણસો આ જુવાન માણસ સામે મોં ફાડીને જોઈ રહ્યા. અરે, શહેનશાહની આગળ આવી રીતની વાત તે કરાય, મોડા આવવાનું શું આના કરતાં કોઈ વધારે સારું બહાનું તેને ના મળ્યું? અને આવી રીતે વાત કરવી એ તો કેવી બાલિશતા કહેવાય!

પણ શહેનશાહે એની વાત પર ઘડીક વિચાર કરી લીધો, એ જુવાને સાચી વાત કરી હતી તેથી તેના પ્રત્યે તેમને માન થયું અને તેમણે તેને